ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૯-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### લોકાયુક્ત મુદ્દે ઠાગાઠૈયા ક્યાં સુધી ?

કેન્દ્રમાં જનલોકપાલ બિલ પસાર કરાવવાના હઠાગ્રહ સાથે સરકારની સામે જંગે ચડેલા વયોવૃદ્ધ સ્વાયંત્ર્યસેનાની, જેઓને ક્યારેક આ દેશની ભલીભોળી જનતા 'નવા ગાંધી' તરીકે નવાજવા માંડેલી- તે અણ્ણા હજારે જ્યારે અમદાવાદ પધારેલા ત્યારે હાઈકોર્ટના નિવૃત્ત જજ રમેશ મહેતાના મહેમાન બન્યા હતા. ત્યારે હજી જસ્ટિસ મહેતાનું નામ એટલું જાણીતું નહોતું. પરંતુ એ પછીના સમયગાળામાં જસ્ટિસ મહેતા નહીં ભજવાયેલા નાટકના નાયક બની ગયા હતા. ગુજરાત હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિએ અને તત્કાલીન વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જસ્ટિસ આર.એ. મહેતાના નામ પર ગુજરાતના વયોવૃદ્ધ રાજયપાલ ડૉ. શ્રીમતી કમલા પાસે મંજૂરીની મહોર મરાવી દેતાં મુખ્યમંત્રી નારાજ થયા હતા. મુખ્યમંત્રીને જસ્ટિસ મહેતા વિરોધી જૂથના પ્રતિનિધિ હોવાની અગાઉથી જ શંકા હોઈ એમણે છેલ્લામાં છેલ્લા પ્રયત્નો કરી રાજ્યપાલે કરેલી એમની નિમણૂક ગેરકાનૂની ઠેરવવાના ઉધામા કર્યા હતા. પરંતુ ગુજરાત હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના વારંવાર દરવાજા ખખડાવ્યા પછી પણ એમને નિષ્ફળતા જ સાંપડી હતી. સુપ્રીમ કોર્ટના છેલ્લા આદેશ અગાઉ એમણે વિધાનસભામાં નવો સુધારેલો લોકાયુક્ત ધારો લાવવા માટેનો કારસો ગોઠવીને જસ્ટિસ આર.એ. મહેતાને સ્પષ્ટ સંકેત પાઠવી દીધો હતો કે ગુજરાતની નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની વર્તમાન સરકારને એ ધોળે ધરમે સ્વીકાર્ય નહોતા. કદાચ અદાલત રાજયપાલના આદેશને બહાલી આપી દઈ બારોબાર નિમણૂક કરાવી દેશે તો પણ સરકાર તેમને સહકાર આપશે નહીં. તેથી જ્યારે જસ્ટિસ મહેતા સામેના તમામ વાંધાવચકા અને અપીલો રદબાતલ ઠેરવી સર્વોચ્ચ ન્યાયાલયે એમની રાજયપાલશ્રી દ્વારા કરાયેલ નિમણૂકને માન્ય ઠેરવી ત્યારે દેખીતી રીતે કાનૂની જંગમાં મુખ્યમંત્રીની હાર થઈ હતી અને જસ્ટિસ મહેતા માટે પદગ્રહણનો માર્ગ મોકળો બની ગયો હતો. ઠાવકાઈપૂર્વક એક સલામત અંતરે ઊભા રહી આ બધો તમાશો નિહાળી રહેલા જસ્ટિસ મહેતાને કોઈ વિધિવત નિમંત્રણની પણ જરૂર નહતી. પરંતુ એ કોઈ પદભૂખ્યા માનવી થોડા હતા કે ઉતાવળે દોડી જઈ લોકાયુક્તના હોદ્દાના શપથ લઈ લે? આખરે એક ગરિમાપૂર્ણ ન્યાયાધીશને શોભે એ રીતે એમણે સરકારના 'અણગમતા લોકાયુક્ત' બનવાની ના ભણી દઈ ચિત્રમાંથી ખસી જવામાં જ ઔચિત્ય લેખ્યું. એમની અનિચ્છા પાછળનાં કારણો પણ ખુલ્લો પત્ર પાઠવીને રજૂ કર્યા.એમણે ઉપસ્થિત કરેલા મુદ્દાઓ દાદ માગી લે એવા હતા. જે સરકારને પોતે દીઠા ગમતા ન હોય, એના આશ્રયે લોકાયુક્ત બનીને એની જ સામે તપાસ કરવાનું કામ કોઈપણ સ્વમાની વ્યક્તિ ન જ સ્વીકારે. જસ્ટિસ મહેતાની આ નારાજગી છતાં વિપક્ષના વર્તમાન નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તો નિવેદન જારી કરીને કહ્યું હતું કે સરકારે સામે પગલે જઈ જસ્ટિસ મહેતાને આ પદ સ્વીકારવા વિનંતી કરવી જોઈએ. સરકાર એવું કંઈ કરે, તેવી આશા રાખી શકાય ખરી? નરેન્દ્ર મોદીના ગમા-અણગમા એટલા તીવ્ર છે કે એકવાર કોઈની વિરુદ્ધ ગ્રંથિ બંધાઈ ગઈ તે આખો જનમારો પૂરો થઈ જાય તો પણ છૂટે કે કેમ એ પ્રશ્ન છે. હવે જ્યારે તેઓ ઍનડીએના વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર થયા છે ત્યારે લોકનજરમાં અને મીડિયા સમક્ષ પોતાની બાંધી મૂઠીનો ભ્રમ સચવાય એટલા સારુ એમણે દસ વર્ષથી ખાલી પડેલું લોકાયુક્ત ભરવાની પ્રક્રિયા નવેસર આરંભી છે એ પણ એમની પોતાની શરતે. એમણે જે સુધારેલું બિલ રજૂ કર્યું હતું તેમાં લોકપાલની નિમણૂકમાં મુખ્યમંત્રીનો જ હાથ ઉપર રહે એવી જોગવાઈ કરાઈ છે. રાજયપાલશ્રીએ આ ખરડો પાછો મોકલ્યો હોવા છતાં મુખ્યમંત્રી એને ફરીવાર આગામી પહેલી ઑક્ટોમ્બરથી ત્રણ દિવસ માટે મળનારી વિધાનસભાની બેઠકમાં રજૂ કરી બહુમતીના જોરે પસાર કરાવી દેશે. ફરી એક વાર રાજયપાલની સહી માટે એનું એ બિલ આવશે ત્યારે રાજયપાલના હાથ બંધાયેલા રહેશે અને કદાચ મુખ્યમંત્રી એમનો કહ્યાગરો લોકાયુક્ત નીમી શકે એવા સંજોગો સરજાશે. આ પરિસ્થિતિની આગોતરી ગંધ આવી ગઈ હોવાથી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પાણી પહેલાં પાળ બાંધતા હોય એમ પોતે સરકારે સૂચવેલી ત્રણ નામોની પૅનલ સામે પોતાની આગવી પૅનલ સૂચવશે એવી જાહેરાત કરી દીધી છે. શું ગુજરાતના નસીબમાં 'લોકાયુક્ત' નામનો યોગ લખાયો જ નથી? ક્યાં સુધી ચાલતા રહેશે આવા ઠાગાઠૈયા?

# ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા શિક્ષણ પ્રશિક્ષણ : નવચિંતન શિબિર યોજાશે

## મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને જાણીતા સંત પૂજ્ય રમેશભાઈ ઓઝા વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા સમગ્ર શૈક્ષણિક આલમ માટે શિક્ષણ પ્રશિક્ષણ : નવચિંતન શિબિરનું આયોજન આગામી તા. ૨૪મી સપ્ટેમ્બરના રોજ મહાત્મા મદિર ખાતે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા ઉપસ્થિત રહી પ્રેરક સંબોધન કરશે.

ઉત્તમ શિક્ષકો તૈયાર કરતી દેશની સંપૂર્ણ કક્ષાની ટીચર યુનિવર્સિટી ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર દ્વારા ગુજરાતમાં પ્રથમવાર શિક્ષણ પ્રશિક્ષણના મહત્વપૂર્ણ વિષયને લઈને શિક્ષણ પ્રશિક્ષાર્થીઓથી લઈ શિક્ષકો અને આચાર્યોને સાંકળી લેતો રાષ્ટ્રિય મહત્તા પ્રાપ્ત એવો કાર્યક્રમ શિક્ષણ પ્રશિક્ષણ : નવચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યની બી.એડ. કોલેજોના પ્રાધ્યાપકો, સંશોધકો, આમંત્રિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો તેમજ ખાસ કરીને શિક્ષણ પ્રશિક્ષણ સાથે સંકળાયેલા એવા શૈક્ષણિક ક્ષેત્રના ઘટકો આઈ.આઈ.ટી.ઈ. ના ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ એમ.એડ્ ના તાલીમાર્થીઓ, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાધ્યાપકો, જી.સી. ઈ.આર.ટી., એસ.ટી.ટી.આઈ.ના પ્રશિક્ષણાર્થીઓ તેમજ પ્રત્યેક જિલ્લામાંથી પ્રતિનિધિક સ્વરૂપ એવા શિક્ષણ પ્રશિક્ષણ સાથે સંકળાયેલા તાલીમાર્થીઓ તેમજ શિક્ષકો ઉપસ્થિત રહેશે. રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા અને પ્રો. વસુબેન ત્રિવેદીની વિશિષ્ટ ઉપસ્થિતિ રહેશે.



### આદર્શ નિવાસી શાળામાં સ્પોર્ટ્સ કીટનું વિતરણ કરાયું

સેક્ટર-૮ ખાતે આવેલી આદર્શ નિવાસી શાળામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સહયોગથી સ્પોર્ટસ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના ૭૦ વિદ્યાર્થીઓને સ્પોર્ટસ ઓથોરીટીના સિનિયર કોચ ગોઠી સાહેબ તેમજ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી સોયંતર સાહેબના હસ્તે કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ફૂટબોલ કોચ શાહીદ અપ્સર, વોલીબોલ કોચ દિપકભાઈ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શાળાના આચાર્યા શ્રીમતી એમ.જે. કટારાએ આશિર્વચન પાઠવ્યા હતા.

### ચૌધરી મહિલા કોલેજમાં આજે ઈકો પરિક્ષણ થશે

પર્યાવરણ જાગૃતિના સંદર્ભમાં આજે શહેરના સેકટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ઈકો પરીક્ષણનો કાર્યક્રમ રાખેલ છે. આ કાર્યક્રમના આયોજક સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટે વિદ્યાર્થીઓને ઉત્સાહ પૂર્વક ભાગ લેવા નિમંત્રણ પાઠવેલ છે.

### વનશ્રી દ્વારા ઓઝોન જાળવણી અભિયાન યોજાયું

પર્યાવરણ ક્ષેત્રે સતત કાર્યરત અને બાળકો-યુવાનોમાં પર્યાવરણની જાળવણીની સમજ અંગે કાર્ય કરતી વનશ્રી સંસ્થા દ્વારા ઓઝોન પડની જાળવણી અંગે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ૧૫થી વધારે સ્કૂલો અને કોલેજોમાં આ કાર્યક્રમ યોજી ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને ઓઝોન પડ અંગે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. સંચાલન નેચર એજયુકેટર અંજના નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ તેમજ વિવિધ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

### અલ્માઈઝર વ્યાધિ નિયંત્રણ સેમિનાર આવતી કાલે યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા અલ્માઈઝર (ચિત્તભ્રમ) વ્યાધિના નિયંત્રણ અંગે એક સેમિનારનું આયોજન કરેલ છે. આ સેમિનાર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ નર્સીંગ કોલેજ હોલ ખાતે ૨૧મી સપ્ટેમ્બર શનિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા યોજાશે. સેમિનારમાં જાણીતા મનોચિકીત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ માર્ગદર્શન પુરું પાડશે. અલ્માઈઝર એ મોટી ઉંમરે થતો રોગ હોઈ પેન્શનર્સ સમાજના દરેક સભ્યોએ લાભ લેવા તાકીદ કરાઈ છે.

# બાળ વિશ્વ વિદ્યાલય દ્વારા નિ:શુલ્ક કૌશલ્ય વિકાસ વર્ગોનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

બાળ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરમાં બાળકોના સર્વાંગીણ વિકાસ માટે નિ:શુલ્ક કાર્યક્રમો હાથ ધરે છે. ગાંધીનગરની જુદી-જુદી શાળાઓમાં ભણતા અંદાજે ૧૪૦ બાળકો યુનિવર્સિટીમાં નૃત્ય, આર્ટ-ક્રાફ્ટ, ચિત્રકલા, સંસ્કૃત-સંભાષણ, રમતો જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે ભેગા થયા હતા. આ તમામ બાળકોનું તેમની રસ-રુચિ મુજબ જુદી જુદી પ્રવૃત્તિઓમાં વિભાજન કરવામાં આવ્યું હતું. અને તેઓને બપોરે ૨.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન પ્રવૃત્તિ શિક્ષણમાં જોડવામાં આવ્યા હતા. બાળકોને સૌથી વધુ પ્રિય એવા નૃત્યમાં અર્વાચીન અને પ્રાચીન ગરબાની પ્રેકટીસ નીતાબહેન બ્રહ્મભટ્ટ, વિરલ રાવલ, હેતલબહેન પટેલ દ્વારા કરાવવામાં આવી હતી. આર્ટ-ક્રાફ્ટમાં પારસબહેન પરમાર દ્વારા વેસ્ટમાંથી બેસ્ટના નમૂના બનાવતા શીખવવામાં આવ્યું હતું. બિપિનભાઈ સથવારાએ બાળકોને ચિત્રો દોરતાં, સંસ્કૃતિમાં વાતચીત કરતાં થાય તે માટે સંસ્કૃત સંભાષણ ગિરધરભાઈ ઉપાધ્યાયે શીખવ્યું હતું. ઘર-આંગણાની રમતો જે તદ્દન ભુલાઈ ગઈ છે તેવી રમતો યોગેન્દ્રભાઈ પટેલે બાળકોને રમતા શીખવાડી સંગીત મીનાબહેન રાવલે શીખવ્યું હતું. આ દરેક પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર દ્વારા નવીન પદ્ધતિઓ વડે પ્રવૃત્તિ શિક્ષણ આપતા બાળકોને ખુબ જ આનંદ સાથે શીખવા મળ્યું હતું. આવી પ્રવૃત્તિઓમાં દર શનિવારે હોંશે હોંશે આવવા બાળકો તત્પર બન્યાં છે. ત્યારે ગાંધીનગરના ૬ થી ૧૮ વર્ષના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આ પ્રવૃત્તિઓમાં સહભાગી થવા આમંત્રણ છે. તો આ પ્રવૃત્તિમાં જોડાવવા ઈચ્છતા બાળકોએ પારસબહેન પરમાર - ૯૦૯૯૦૩૧૯૧૪નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



ડૉ. સાહેબ ચિકનગુનિયાની ટ્રીટમેન્ટ ન કરો.. અંબાજી ચાલતો ગયો હતો ...!!

### પીએચ.ડી. થયા



ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સેનેટ સભ્ય અને હાલ અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજના પ્રો. રણછોડ રથવીએ 'ઈફેકટ ઓફ એરોબિક એન્ડ ઈન્ડીજીનીયસ એક્સરસાઈઝ ઓન હેલ્થ રિલેટેડ ફીઝીકલ ફિટનેસ એન્ડ સિલેકટેડ ફીઝીયોલોજીકલ વેરીએબલ્સ' વિષય પર ડૉ. એ.કે. જોષીનાં માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરી કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં રજુ કરતા કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તેમને પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવી છે.

### સાચા શિક્ષકોની શોધમાં

**કેળવણી નીતિ એવી હોવી જોઈએ કે સમાજને એક વકલી તો મળે, એક ડોકટર તો મળે, એક એન્જિનિયર તો મળે પણ એથી પણ આગળ વધીને સમાજને એક સાચો માણસ મળે કેળવણી કે માણસને માણસાઈવાળો બનાવવાનું સાધન છે, અને એને માટે સારા શિક્ષકો હોવા જોઈએ, વિદ્યાને વેચનારા નહીં.**

**આપણે ભણાવીએ છીએ એટલે આપણને કંઈક મળી રહ્યું છે, એ બરાબર છે, પણ કંઈક મળે તે આપણે ભણાવીએ છીએ એટલે આપણને કંઈક મળી રહ્યું છે, એ બરાબર છે, પણ કંઈક મળે તે માટે આપણે ભણાવીએ બરાબર નથી.**

**જ્યાં સુધી આ દેશમાં ભણાવનારા 'ગુરુઓ' થતા હતા, ત્યાં સુધી આ દેશમાં ગુરુઓ પેદા થતા હતા. ગુરુની જે સૌમ્યતા, ગુરુતા હતી. તે જતી રહી છે, અને તેના સ્થાને હવે ગુરુઓમાં નોકરોની માનસિકતા આવી ગઈ છે. હવે શિક્ષકોએ પણ સમજવું પડશે કે તેઓ વિદ્યાનો વિક્રય ન કરે. તેઓ ભણાવવાનું કામ કરે છે, અને તેને માટે તેમને વેતન મળે છે. એ બરાબર છે, પરંતુ ભણાવવાનું એ એમ તો ધર્મ છે. કંઈક મળે એટલે ભણાવવું, અને ન મળે તો પરીક્ષાના સમયે ઉપવાસ ઉપર ઉતરી જવું , અને બાળકોનાં ભવિષ્યની સાથે રમત કરવી એવું કરે તો એ ગુરુની વિચારસરણી નથી, એ તો નોકરની વિચાર સરણી છે. એટલા માટે શિક્ષક ગુરુ બને, નોકર ન બને, અને સમાજ અને શાસન મળીને એ શિક્ષકોની આજીવિકા સારી રીતે ચાલે છે કે કેમ તે જુએ.**

**જો શિક્ષકની પૂજા સારી રીતે થાય નહીં. શિક્ષકની આજીવિકા બરાબર ચાલે નહીં અને જો શિક્ષક ભ્રષ્ટ થઈ જશે તો ભવિષ્યનું ભારત ભ્રષ્ટ થઈ જશે. કારણ કે જે આજે બાળકો છે. તે આવતી કાલે નાગરિક થવાના છે અને બાળકો શિક્ષકોના હાથ નીચે જ તૈયાર થઈ રહ્યો છે. એટલા માટે શિક્ષકોની ભાવનાને સારી રીતે સમજવી જરૂરી છે.**

- **ગિરધર ઉપાધ્યાય** (ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી)

# ગુજરાત યુનિ. યુવક મહોત્સવમાં જીતેન્દ્ર વ્યાસના દિગ્દર્શનમાં રજૂ કરેલ નાટક 'વ્હાલે દીયાં વિષ'માં ૧૯૭૩માં મુકેશભાઈ એ 'શ્રેષ્ઠ અભિનય'નું પ્રથમ ઈનામ પ્રાપ્ત કરીને કૉલેજ અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

કલાકાર એટલે દેવી સરસ્વતીના માનીતા સંતાનો. તેઓ અન્ય કરતા જુદું અને વધુ જુએ છે, સાંભળે છે, વિચારે છે અને કલ્પની શકે છે... જેને પરિમાણે તેમની જીભ, હાથ અને હૃદય પર મા સરસ્વતી નૃત્ય કરે છે. આજે એક એવા કલાકારનો પરિચય મેળવવો છે. જેમનામાં સરસ્વતીની કૃપાથી મેધાવી બુદ્ધિ અને કલાનો સંગમ જોવા મળે છે, એવા બાહોશ અધિકારી અને સફળ કલાકાર છે, મુકેશભાઈ વેદ.

તા. ૭-૨-૫૫ના રોજ અમરેલી મુકામે મુકેશભાઈનો જન્મ (વતન. રાજકોટ) પિતા. સ્વ.નવનીતલાલ વેદ અને માતા લલીતાબેનના ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓમાં મુકેશભાઈ ત્રીજા નંબરના સંતાન. પિતાજીની સરકારી નોકરીને કારણે ત્રીજા નંબરના સંતાન. પિતાજીની સરકારીને કારણે ૧૯૫૫થી ૧૯૬૦ સુધી મુકેશભાઈ મુંબઈ રહ્યા, અને ગુજરાત રાજયની સ્થાપના થતાં પિતાજી નવનીતભાઈ ૧૯૬૧ થી અમદાવાદ, દરિયાખાન, ઘુમ્મટ ખાતે આવી વસ્યા જયાં મુકેશભાઈએ મ્યુનિસિપલ પ્રાથમિક શાળા દરિયાખાન - શાહીબાગમાં ધોરણ ૧ થી ૪ નો અભ્યાસ કર્યો.

પ્રાથમિક શાળામાં જ વકતૃત્વ સ્પર્ધામાં મુકેશભાઈ પ્રથમ આવે. શાળા જીવનના પ્રારંભે મુકેશને કયાં ખબર હતી કે પોતે અભિનય ક્ષેત્રમાં ઝળકશે? અને ધોરણ-૩માં સૌ પ્રથમ એક પાત્રી બાળનૃત્ય નાટિકા 'પંડિત ચાલ્યા જાય છે.'માં ભૂમિકા ભજવીને નાટ્યક્ષેત્રે પા પા પગલી પાડી. ધો.૫ થી ૯નો અભ્યાસ મોર્ડન હાઈસ્કૂલ, રેંટીયાવાડી અ'વાદ ખાતે શરૂ કર્યો. ઉજજવળ શૈક્ષણિક કારકિર્દી વડે હંમેશ વર્ગમાં મુકેશભાઈ પ્રથમ જ હોય!

માધ્યમિક શિક્ષણ દરમિયાન આંતરશાળા વકતૃત્વ સ્પર્ધામાં જુનિયર અને સિનિયર વિભાગમાં મુકેશભાઈ અને મોટાભાઈ અનિલભાઈ (ડૉ. અનિલ વેદ) પ્રથમ વિજેતા બનતા. જેમાં બોલવાની છટા, વિચારોની રજૂઆત અને શબ્દો પર યોગ્ય જગ્યાએ મુકવામાં આવતું વજન વિ. જેવી બાબતોથી નિર્ણાયકો મુકેશભાઈથી પ્રભાવિત થતા. અનેક રમતોમાં પણ મુકેશભાઈ અચુક ભાગ લઈને 'શ્રેષ્ઠ રમતવીર' નું ઈનામ પણ મેળવતા. રમતોમાં ભાગ લેવાના કારણે ખેલદિલીના ગુણો પણ કદાચ આપ મેળે જ ખીલ્યા હશે! સાથે સાથે નાટ્યસ્પર્ધામાં પણ ભાગ લેવાનું શરૂથયું. માધ્યમિક શાળાભ્યાસ સમયે કરેલાં નાટકોમાં 'અફઝલ ખાનનો વધ,' 'હડતાળ', અને 'મન માફ કરો'માં અભિનય આપીને મુકેશભાઈએ અભિનય ક્ષેત્રે પણ કાઠું કાઢ્યું. શાળાના આચાર્યશ્રી બી.જે મહેતા અને શિક્ષકોના માર્ગદર્શન વડે મુકેશભાઈ શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃત્તિઓ - બધામાં અવ્વલ રહેતા.

૧૯૬૬-૬૭ માં મુકેશભાઈ બાલ્કન-જી-બારીની પ્રવૃત્તિઓમાં પણ જોડાયા. જેમાં નાટકો, વાર્તા, કથન, રમત-ગમત, કાર્યક્રમોનું એંકરીંગ, વકતૃત્વ સ્પર્ધા, એક પાત્રી અભિનય વિ. માં મુકેશભાઈ સક્રીય રીતે ભાગ લેતા. રણજીતભાઈ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ થતી આ પ્રવૃત્તિઓમાં મુકેશભાઈના માર્ગદર્શન હેઠળ થતી આ પ્રવૃત્તિઓમાં મુકેશભાઈ એક પાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રથમ આવી સર્વેની પ્રસંશા મેળવી હતી. આમ મુકેશભાઈની અભિનય યાત્રા આગળ વધી. ૧૯૬૮-૬૯માં રજૂ કરેલા એકાંકી નાટકો 'હડતાળ' અને 'ભાઈ-બહેન'માં મુકેશભાઈએ મુખ્ય પાત્ર ભજવીને પોતાના રસ અને ક્ષમતા વડે પોતાનામાં છુપાયેલી કલાને સિદ્ધ કરી.

૧૯૭૦માં ગાંધીનગરની સ્થાપના થતાં ૧૯૭૧માં પિતાજી રેવન્યુ વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે ગાંધીનગર નિવાસી બન્યા. આમ ૧૯૭૧થી મુકેશભાઈ કર્મભૂમિ ગાંધીનગર ખાતે આવી વસ્યા.

ધો. ૧૦ સરકારી શાળા, સે.૨૨માંથી પાસ કરી ધો. ૧૧ (એસ.એસ.સી.) સેંટ ઝેવિયર્સ શાળા, સે. ૨૦માંથી સાયન્સ વિષયમાં ૭૦% સાથે પાસ થયા. સેંટ ઝેવિયર્સમાંથી પણ અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિજ્ઞાન મેળા વિ.માં મુકેશભાઈએ ભાગ લીધો. બાલ્કન -જી-બારીની પ્રવૃત્તિઓ તો ખરી જ. ૧૯૭૨માં રાજય યુવક મહોત્સવમાં એક પાત્રી અભિનય સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી મુકેશભાઈની અભિનય સફર ઉડવા લાગી હતી... જયાં મા. શિક્ષકો શૈલેષભાઈ પંડ્યા, વડીલો ધ્રુવકુમાર શાસ્ત્રી, ચુનિભાઈ બારોટ, રણજીતભાઈ દેસાઈ વિ.નું માર્ગદર્શન મળતું જ રહ્યું. બહુર્મુખી પ્રતિભા ધરાવતા મુકેશભાઈ અભિનય ઉપરાંત રાસ-ગરબા, સમુહ નૃત્યોની ગુંથણી પણ કરાવે. સમુહ નૃત્યમાં 'બાંબુ નૃત્ય' અનોખી કોરિયોગ્રાફીના કારણે રાજય કક્ષાએ યુવક મહોત્સવમાં વિજેતા બન્યું તો રાસ અને ગરબાની પણ મુકેશભાઈ જ કોરિયોગ્રાફી કરે અને ટીમ રાજયકક્ષા સુધી પહોંચે અને ઈનામો પણ પ્રાપ્ત કરે.



શૈક્ષણિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, પ્રવૃત્તિઓથી ભરપૂર વ્યક્તિવનો લાભ બીજા યુવાનોને મળે તેવા ઉમદા વિચારથી મુકેશભાઈએ ૧૯૭૪માં 'કલબ ઓફ યુ' (યુથ ઓપોર્ચ્યુનીટી અનલીમીટેડ) ની સ્થાપના કરી. જેમાં મિત્રો, હર્ષા બેંકર, પરાશન સુડીવાલા, સુરેસ પારધી, મેહૂલ પારેખ, નટુ ચૌધરી, ગમન પટેલ વિ. ના સાથ સહકાર વડે વર્ષો સુધી યુવાનોમાં સંસ્કાર સિંચન, સાંસ્કૃતિક, શૈક્ષણિક, રમત-ગમત વિ. પ્રવૃત્તિઓ કરાવી. 'કલબ ઓફ યુ' ના નેજા હેઠળ ૫ થી ૭ વર્ષ સુધી સંગીતના અનેક કાર્યક્રમો રજૂ કરાવ્યા. જેમાં મુકેશની પુણ્યતિથિ પરનો યાદગાર કાર્યક્રમ યોજાયો હતો. ઉપરાંત યોજાયેલ કાર્યક્રમોમાં કલ્યાણજી-આનંદજી, શંકર-જયકિશન, આશા પારેખ, મુખ્યમંત્રી બાબુભાઈ જ. પટેલ વિ. જેવી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. જેના તમામ કાર્યક્રમોનું એંકરીગ મુકેશભાઈએ કર્યું હતું અને સરાહના પ્રાપ્ત કરી હતી.

વિવિધ કલાથી ભરપૂર મુકેશભાઈએ સરકારી સાયન્સ કૉલેજના અભ્યાસ દરમિયાન પણ અનેક નાટકો કર્યા. જેમાં ગુજરાત યુનિ. યુવક મહોત્સવમાં જીતેન્દ્ર વ્યાસના દિગ્દર્શનમાં રજૂ કરેલ નાટક 'વ્હાલે દીયાં વિષ' માં ૧૯૭૩માં મુકેશભાઈ એ 'શ્રેષ્ઠ અભિનય'નું પ્રથમ ઈનામ પ્રાપ્ત કરીને કૉલેજ અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું.

ત્યારબાદ મુકેશભાઈએ અમદાવાદ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. જયાં પણ મુકેશભાઈની નાટ્યપ્રવૃત્તિ વિસ્તરી. પ્રો. વારીસ હુસેન અવલી અને પ્રો. મુનશીના માર્ગદર્શનમાં 'સોની ની લગડી', 'ત્રિઅંકી નાટક' રજૂ કર્યું. સીઝોફ્રેનીયા થયેલી સ્ત્રીની જિંદગીનો ચિતાર આપતા નાટકમાં વહુના સસરાનો રોલ ભજવીને મુકેશભાઈ મેદાન મારી ગયા હતા. યુનિ. યુવક મહોત્સવમાં કૉલેજની ટીમમાંથી મુકેશભાઈ રાસે રમતા અને કોરિયોગ્રાફી પણ કરાવ્યા. ગઝલ લેખન, કાવ્ય લેખન સ્પર્ધામાં પણ મુકેશભાઈ ભાગ લેતા. સ્વ. વાસુદેવભાઈ જહાના માર્ગદર્શન હેઠળ મુકેશભાઈ, ભાગ્યેશભાઈ વિ. ભાગ લેતા.

બી.એસ.સી. (કેમેસ્ટ્રી) સાથે સાથે મુકેશભાઈએ ટેક્સટાઈસ કેમેસ્ટ્રી, સોઈલ એન્ડ વોટર એનાલીસીસ, ડીપ્લોમા ઈન ઈલેક્ટ્રીકલ એન્ડ રેડિયો એન્જિ. એમ ચાર કોર્સ સાથે કરીને પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં ચાર ચાંદ લગાવી દીધા. ૧૯૭૬માં મુકેશભાઈ સરકારી નોકરી મળતાં સચિવાલયના હોમ વિભાગમાં જોડાયા જયાં મુકેશભાઈની અભિનય યાત્રાને પણ પાંખો આવી, અને ઓલ ઈન્ડિયા સીવીલ સર્વીસીઝ સ્પર્ધાઓમાં તેઓ ભાગ લેવા લાગ્યા. પ્રકાશલાલા, કાન્તિભાઈ રાઠોડ, જશવંત ગાંધી, સુરેશ પારધી, પરેશ પટેલ, જાગૃતિ પટેલ, ગીતાબેન મહેતા, ઉદય બ્રહ્મભટ્ટ, નટુ ચૌધરી, ગુંજન વોરા, ગમન પટેલ વિ. મિત્રો વડીલો સાથે મળીને તેઓએ અનેક નાટકોમાં ભાગ લીધો. યુવક મહોત્સવ અને અખિલ ભારતીય મુલ્કી સેવામાં રજૂ કરેલાં એકાંકી નાટકોમાં - યુ મસ્ટ ડાઈ, કફન, સપનાના વાવેતર, આ છે કારાગાર, 'રમીલો ને યાર' વિ. માં મુકેશભાઈએ અભિનયનાં અજવાળા પાથર્યા છે.

૨૦૦૪-૦૫માં રજૂ થયેલ સૌમ્ય જોષી લિખીત 'રમીલો ને યાર' એકાંકીમાં અભિનય સાથે દિગ્દર્શન પણ મુકેશભાઈએ કર્યું અને રાષ્ટ્ર કક્ષાએ આ નાટકના 'શ્રેષ્ઠ દિગ્દર્શન' નો એવોર્ડ મુકેશભાઈએ મેળવી ને ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. તેવી જ રીતે દાહોદ ખાતે રાજય કક્ષા સ્પર્ધામાં રજૂ થયેલ નાટક ''થોડું સુખ આપો ઉછીનું'' ના દિગ્દર્શન બદલ મુકેશભાઈએ પ્રથમ પારિતોષિક મેળવીને દિગ્દર્શન ક્ષેત્રે પણ છવાઈ ગયા.

મુકેશભાઈએ અનેક ત્રિઅંકી નાટકોમાં પણ અભિનયના અજવાળા પાથર્યા છે. ''વોર્ડ નંબર - ૬'' 'શ્રીજી ગયેલાં માણસો' વિ. માં અવિસ્મરણીય અભિનય ઉપરાંત ત્રિઅંકી 'સબ સવાલ હૈ' માં અભિનય અને દિગ્દર્શન કર્યું હતું અને આ નાટકે યુવક મહોત્સવમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જે ખરેખર અભિનંદનીય છે!

યુવક મહોત્સવમાં રજૂ કરેલા અન્ય એકાંકી નાટકોમાં 'એક મુરખ-એક પંડિત', ચંદ્રનો ડાઘ, માણસ, 'એકાંતની અડોઅડ', 'ઝેરવું' વિ. નાટકોએ જિલ્લા કક્ષા એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજયકક્ષાએ ભજવવાનું સન્માન મેળવ્યું હતું. ઉપેન્દ્ર ત્રિવેદી દિગ્દર્શિત વિખ્યાત નાટક 'અભિનય સમ્રાટ'માં પણ મુકેશભાઈ એ અભિનય કર્યો છે. મુકેશભાઈએ નાટ્ય સ્પર્ધાઓ, વકતૃત્વ સ્પર્ધાઓ વિ. માં રાજય કક્ષા સુધી નિર્ણાયક તરીકે સેવાઓ આપતા રહ્યા છે.

મુકેશભાઈના ૧૯૮૧માં ગૃહ વિભાગના સહકર્મચારી ગીતાબેન સાથે પ્રેમ લગ્ન થયાં. પ્રેમાળ, સાલસ ગીતાબેને કારકૂનથી સેકશન ઓફિસર તરીકે ગૃહવિભાગમાં સેવાઓ બજાવી. કામની કદર સ્વરૂપે વય નિવૃત્તિ બાદ સરકારમાં એક્સટેન્સન મેળવનાર તેઓ પ્રથમ મહિલા અધિકારી બન્યા. નોકરીની સાથે ઘર, પરિવાર, વ્યવહાર, વિ. સંભાળી ગીતાબેને મુકેશભાઈની તમામ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી. પુત્ર નીશીત અને પુત્રવધુ - હિરલ પણ તેમનાં કાર્યમાં ખભેખભા મિલાવી કામ કરે છે.

કલાર્કથી શરૂ કરેલી નોકરી યાત્રામાં જોઈન્ટ સેક્રેટરીના ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયેલા મુકેશભાઈની નાટ્ય પ્રવૃત્તિ ઉપર ઉચ્ચ પદની જવાબદારીના કારણે પછી થોડી ઘટી હતી. પરંતુ નાટ્યકલાની વાત આવે તો હંમેશા તેઓ પ્રોત્સાહન આપતા રહ્યા છે. ડાઉન ટુ અર્થ, સરળ, લો પ્રોફાઈલ, સ્પષ્ટવક્તા એવા મુકેશભાઈ હાલ 'શંકરસિંહ બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ ફાર્મસી'ના રજીસ્ટ્રાર તરીકે સેવાઓ આપે છે. સમયની અનુકૂળતાએ મુકેશભાઈને એક સારી ગુજરાતી ફિલ્મ બનાવવાની મહેચ્છા છે.

પોતાના અધુરા સપનાઓ, આકાંક્ષાઓ કૉલેજના વિદ્યાર્થીઓ પાસે પૂર્ણ કરાવી, જગત નાટકનો તખ્તો અને જિંદગી એક નાટક... એટલે તમે અહીં કયું પાત્ર ભજવો છો તે અગત્યનું નથી પરંતુ તમારા ભાગે આવતું પાત્ર તમે કંઈ રીતે ભજવી શકો છો તે જ અતિ મહત્ત્વનું છે તેમ માનનારા મુકેશભાઈ હજુ પ્રગતિના અનેક મુકામો સર કરે એવી શુભેચ્છાઓ...